www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૫ | ૨૪ જુલાઈ, ૨૦૧૮, મંગળવાર; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**રાજદાના પ્રવક્તાની પાર્ટીમાંથી હકાલ પટ્ટી**

રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના રાષ્ટ્રીય પ્રવક્તા શંકરચરણ ત્રિપાઠીની લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા દરમ્યાન રાહુલ ગાંધીની આલોચના બદલ પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી છે.

**રામજન્મભૂમિ મામલે વધુ એક અરજી દાખલ**

અયોધ્યામાં રામ જન્મભૂમિ-બાબરી મસ્જીદ વિવાદ પર સુનવણી વચ્ચે સુપ્રિમ કોર્ટે હવે ત્રીજા પક્ષની અરજી દાખલ કરી છે. બૌદ્ધ સમુદાયના કેટલાક લોકોએ દાવો કર્યો છે કે વિવાદીત જમીન બૌદ્ધોની છે.

**૨૦૦૮માં રાફેલ સોદો નહી : પૂર્વ રક્ષામંત્રી**

રાફેલ સૌદા મામલે પૂર્વ રક્ષામંત્રી એ.કે. એન્ટોનીએ કહ્યુ છે કે રક્ષામંત્રી નિર્મલા સીતારામન દેશને ગુમરાહ કરી રહ્યા છે. ૨૦૦૮માં રાફેલનો કોઈ સૌદો થયો ન હતો.

**૨૦૫૦ સુધી વૃદ્ધોની વસ્તી ૩૦ કરોડને પાર હશે**

આવનારા દાયકામાં દેશના વસ્તીવિષયક માળખામાં મોટા ફેરફારો જોવા મળશે આજે દેશ યુવા વસ્તી માટે જાણીતો છે ત્યારે ચીન બાદ સૌથી વધુ વૃધ્ધો વાળો દેશ હશે.

**આપના બે ધારાસભ્યને કેનેડામાં પ્રવેશ ન અપાયો**

પંજાબના આપના બે ધારાસભ્યોને કેનેડામાં પ્રવેશ કરતા અટકાવવામાં આવ્યા છે. કેનેડાના ઓટાવા એરપોર્ટ પર જ બંને ધારાસભ્યોને અટકાયતમાં લેવામાં આવ્યાં. ત્યાર બાદ પુછપરછ કરી તેમને ભારત પરત મોકલી દેવાયા.

# ટ્રક હડતાળથી રોજ વીસ હજાર કરોડનું નુકસાન

**ટ્રક ઓપરેટરોની રાષ્ટ્રવ્યાપી હડતાળ ચોથા દિવસે યથાવત : ટ્રાન્સપોર્ટ સેક્ટરને ૧૨૦૦૦ કરોડથી વધુનું નુકસાન : છેલ્લા ત્રણ દિવસના ગાળામાં ૬૦૦૦૦થી ૭૦૦૦૦ કરોડનો ફટકો : હડતાળ હજુ લાંબી ખેંચાશે**



નવી દિલ્હી,તા. ૨૩

ટ્રક ઓપરેટરોની રાષ્ટ્રવ્યાપી હડતાળ આજે ચોથા દિવસે પણ યથાવતરીતે જારી રહી હતી. તેમની હડતાળને વહેલીતકે અંત આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ઓલ ઈન્ડિયા મોટર્સ ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ દ્વારા આ અચોક્કસ મુદતની રાષ્ટ્રવ્યાપી હડતાળ જારી કરવામાં આવી છે. હડતાળના લીધે ફાઈનાન્સિયલ અને અન્ય રીતે ભારે નુકસાન થઈ રહ્યું છે. ટ્રાન્સપોર્ટરોની ફરિયાદ છે કે, નોટબંધી, ઉત્પાદન ખર્ચમાં વધારો, ફ્યુઅલની વધતી જતી કિંમતો, જીએસટીના ઉંચા દર અને અન્ય કારણોસર ભારે મુશ્કેલીમાં છે. તેમની ડિઝલની કિંમતોમાં ઘટાડો કરવા સહિતની માંગણીનો સમાવેશ થાય છે. ઓલ ઈન્ડિયા મોટર્સ ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ દ્વારા દાવો કરાયો છે કે, ભારે નુકસાન થઈ રહ્યું છે. સમગ્ર દેશમાં મેન્યુફેક્ચરિંગ, ટ્રાન્સપોર્ટેશન, સેલ્સ, ટાઈમ, લેબર સહિતના જુદા જુદા પરિબળોના પરિણામ સ્વરુપે ત્રણ દિવસમાં ૬૦૦૦૦થી ૭૦૦૦૦ કરોડનું નુકસાન થયું છે. રેવન્યુ નુકસાન ઉપરાંત ડિઝલના કારણે પણ નુકસાન થયું છે. ટ્રક હડતાળ આજે ચોથા દિવસે પણ જારી રહી હતી. જેના કારણે તેની સીધી અસર હવે ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીઝ પર થઈ રહી છે. મોટા ભાગના મોટા ઉદ્યોગો અને વેપારી કેન્દ્રો પર બુકિંગ, લોડિંગ અને અનલોડિંગને લઈને ૭૦ ટકા સુધીનો ઘટાડો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## અલવર કાંડ મામલે રાહુલનું ટ્વીટ

# આ છે મોદીનું ક્રૂર ન્યુ ઈન્ડિયા : રાહુલ



નવી દિલ્હી,તા. ૨૩

રાજસ્થાનના અલવરમાં ગાય લઈને જઈ રહેલા એક મુસ્લિમ શખ્સને માર મારીને હત્યા કરવાના મામલામાંથી દેશની રાજનીતિમાં ફરીથી ઉકળતા ચરુ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. વિપક્ષી દળોએ આના માટે રાજસ્થાનની ભાજપ સરકાર ઉપર પ્રહારો કર્યા છે. બીજી બાજુ કોંગ્રેસનું કહેવું છે કે, મોદી સરકાર પોતાના શાસનવાળા રાજ્યોમાં આ પ્રકારની ઘટનાઓ ઉપર અંકુશ મુકવામાં સફળ સાબિત થઈ રહી નથી. હવે મામલામાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો કર્યા છે. ૩૧ વર્ષીય યુવકની ઘાતકી હત્યા ગૌરક્ષકોની ભીડ દ્વારા કરવામાં આવ્યા બાદ પોલીસની ભૂમિકા ઉપર પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. રાહુલ ગાંધીએ એક ન્યુઝ રિપોર્ટનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે, રાજ્યની પોલીસ ઉપર પ્રશ્ન ઉઠે તે સ્વાભાવિક છે. રાહુલે ટ્વિટ કરીને કહ્યું છે કે, અલવરમાં પોલીસની ટુકડીઓ મોબ લિંચિંગના

● અનુસંધાન પાન-૭ પર

# સંસદમાં વિશેષાધિકારનો જંગ

**રાફેલ ડીલ મુદ્દે ભાજપ-કોંગ્રેસ આમને-સામને, નોટિસ વોર શરુ : કોંગ્રેસ મોદીને તો ભાજપ રાહુલને ઘેરશે : ઈજિપ્ત-કતારને ઓછા ભાવે આપ્યાં તો ભારતને કેમ નહીં ?- આનંદ શર્મા**

નવીદિલ્હી,તા. ૨૩

રાફેલ ડિલ ઉપર આજે સંસદમાં જોરદાર ધાંધલ ધમાલ થઈ હતી. ભાજપ અને મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસે એક બીજા ઉપર સંસદને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ભાજપના ચાર લોકસભા સાંસદોએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની સામે વિશેષાધિકાર ભંગની નોટિસ આપી હતી. હાલમાં સ્પીકર સુમિત્રા મહાજન આ નોટિસમાં તપાસ કરી રહી છે. તેમનું કહેવું છે કે, આમા ધ્યાન આપવામાં આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે. બીજી બાજુ રાફેલ સોદાબાજીના મુદ્દા ઉપર કોંગ્રેસ પાર્ટી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામનની સામે વિશેષાધિકાર ભંગની નોટિસ આપવાની તૈયારીમાં છે. કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું છે કે, વડાપ્રધાન અને સંરક્ષણમંત્રીએ રાફેલ સોદાને

● અનુસંધાન પાન-૭ પર

# નહીં તો ઈરાનને પરિણામ ભોગવવું પડશે : ટ્રમ્પ

વૉશિંગ્ટન,તા.૨૩

ઈરાનના પ્રેસિડન્ટ હસન રુહાનીએ અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાન સામે 'પક્ષપાત'વાળી નીતિઓના કારણે કડક શબ્દોમાં ચેતવણી આપી છે.



ઈરાનના ન્યૂઝપેપર તેહરાન ટાઈમ્સ અનુસાર, રુહાનીએ ઈરાનના ડિપ્લોમેટ્સને સંબોધિત કરતા કહ્યું, અમેરિકા એ વાતને સારી રીતે સમજે છે કે, ઈરાનની સાથે શાંતિ તમામ પ્રકારની શાંતિની જનની છે, આ જ પ્રકારે ઈરાનની સાથે યુદ્ધ પણ તમામ યુદ્ધની જનની છે. હું કોઈને ધમકી નથી આપી રહ્યો, પરંતુ અમને કોઈ ડરાવી કે ધમકાવી ના શકે. ઈરાનની આ ધમકી પર અમેરિકાના પ્રેસિડન્ટ ટ્રમ્પે ટ્વીટ કરીને પ્રેસિડન્ટ રુહાનીને ચેતવણી આપી છે.

ટ્રમ્પે ટ્વીટ કરીને કહ્યું, ઈરાનના પ્રેસિડન્ટ રુહાની માટે: અમેરિકાને ફરી ક્યારેય ધમકી ના આપતા. જો તમે આવું કર્યું તો તેના પરિણામ માટે તૈયાર રહેવું પડશે, જે ઈતિહાસમાં પહેલાં ક્યારેય નથી થયું. અમેરિકા હવે એ દેશ નથી રહ્યો જે તમારી ધમકીઓને સાંભળી લે, તેથી સાવધાન! ઉલ્લેખનીય છે કે, પરમાણુ હથિયારોથી સજ્જ નોર્થ કોરિયાની સાથે ઐતિહાસિક વાતચીત બાદ ઈરાન ટ્રમ્પના નિશાના પર છે.

**ઇરાન વિરૂદ્ધ કાર્યવાહી સામે અમેરિકા ડરતું નથીઃ પોમ્પિયો**

જ્યારે બીજી તરફ અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કહ્યું કે, અમેરિકા ઈરાનની સરકારના ઉચ્ચ અધિકારીઓ વિરૂદ્ધ કડક પ્રતિબંધ લગાવીને તેઓની સામે કાર્યવાહીથી ડરતું નથી. ઈરાનની સાથે ઐતિહાસિક ન્યૂક્લિયર ડીલથી અલગ થયા બાદ પોમ્પિયોએ ૨૧ મેના રોજ નવી રણનીતિનો ખુલાસો કર્યો હતો. જે હેઠળ ઈરાનને કેટલીક સખત માંગણી અથવા ભવિષ્યમાં સૌથી કડક પ્રતિબંધોનો સામનો કરવા માટે કહેવામાં આવ્યું હતું.

# જંતર મંતર પર ધરણા પ્રદર્શન થઈ શકશે : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટે ધરણા પ્રદર્શન પરનો પ્રતિબંધ ઉઠાવ્યો**

નવી દિલ્હી,તા. ૨૩


એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે જંતરમંતર ઉપર ધરણા પ્રદર્શન કરવા ઉપરના પ્રતિબંધને ઉઠાવી લીધો છે. આની સાથે જ હવે જંતરમંતર પર ફરી એકવાર ધરણા પ્રદર્શન જોઈ શકાશે. દેખાવકારો અહીં પોતાના અવાજ ઉઠાવતા નજરે પડી શકશે. કોર્ટે કહ્યું છે કે, દિલ્હીમાં પ્રદર્શન પર સંપૂર્ણરીતે પ્રતિબંધ મુકી શકાય નહીં. જંતરમંતર અને બોર્ડ ક્લબ પરથી પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો છે. પ્રતિબંધ ઉઠાવી લેવાનો ચુકાદો આપતા જસ્ટિસ એકે સિકરી અને જસ્ટિસ અશોક ભૂષણની બેંચે દિલ્હી પોલીસને નવી માર્ગદર્શિકા તૈયાર કરવા માટે સુચના આપી છે. અરજીકારો તરફથી સેન્ટ્રલ દિલ્હીમાં શાંતિપૂર્ણરીતે દેખાવો કરવાની માંગણી કરવામાં આવી હતી. અરજી કરનાર લોકોની એવી દલીલ હતી કે, પ્રદર્શન ઉપર પ્રતિબંધથી લોકોમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાના મૂળભૂત અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. અરજી કરનાર લોકોની દલીલ હતી કે, વર્ષ ૨૦૧૭માં એનજીપી દ્વારા જંતરમંતર ઉપર ધરણા પ્રદર્શન ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો જ્યારે સમગ્ર સેન્ટ્રલ દિલ્હીમાં દિલ્હી પોલીસ તરફથી હમેશા માટે કલ ૧૪૪ અમલી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭માં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ એટલે કે એનજીટીના આદેશ બાદ જંતરમંતર પર ધરણા પ્રદર્શન થઈ રહ્યા નથી. ૧૦મી ઓક્ટોબરથી પોલીસે અહીં ધરણા પ્રદર્શન બંધ કરાવી દીધા હતા. પ્રદર્શન સ્થળ દેખાવકારો માટે જંગનું મેદાન બની ગયું હતું. એનજીટીએ કહ્યું હતું કે, આ ક્ષેત્ર દેખાવકારો દ્વારા ગંદગી ફેલાવવા માટે મુખ્ય કેન્દ્ર બની ગયું હતું.

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની કિડનીમાં ભારે ઈન્ફેક્શન

ઈસ્લામાબાદ,તા.૨૩

ભ્રષ્ટાચારના મામલામાં જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફની તબિયત એકાએક વધુ લથડી છે. તેમના સ્વાસ્થ્યની તપાસ કરનાર મેડિકલ બોર્ડનું કહેવું છે કે નવાઝ શરીફની કિડની ફેલ થવાને આરે છે અને તેમને તુરત જેલમાંથી હોસ્પિટલમાં ખસેડવાની જરૂર છે, જોકે હજુ સુધી તેમને રાવલપિંડી જેલમાંથી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા નથી. પાકિસ્તાન ઈન્સ્ટિટટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝની ટીમ તેમની તપાસ કરશે અને ત્યાર બાદ તેમને હોસ્પિટલમાં ખસેડવા અંગે નિર્ણય લેવામાં આવશે.

દરમિયાન રાવલપિંડી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજીના વડા ડો. અઝહર કિઆનીએ નવાઝ શરીફને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરાવવાની ભલામણ કરી છે. તેમનો મેડિકલ રિપોર્ટ પંજાબ પ્રાંતના મુખ્યપ્રધાન અને કેરટેકર હસન અક્સારીને મોકલવામાં આવ્યો છે. સંઘીય સરકારને પણ નવાઝ શરીફની



તબિયત અને ડોક્ટરોની ચિંતાથી વાકેફ કરવામાં આવ્યા છે.

અહેવાલો અનુસાર નવાઝ શરીફના યુરિનમાં નાઈટ્રોજન ખતરનાક હદે વધી ગયું છે. ડોક્ટરોનું કહેવું છે કે તેના કારણે તેમને પરસેવો વધુ થઈ રહ્યો છે અને વધુ પડતા પરસેવાના કારણે તેમને ડિહાઈડ્રેશન થઈ ગયું છે અને શરીરમાં પાણી ઓછું થઈ ગયું છે. ડોક્ટરોનું કહેવું છે કે નવાઝ શરીફના હૃદયના ધબકારા પણ અનિયમિત છે. મળતા સમાચારો મુજબ જેલની હોસ્પિટલમાં એવી સુવિધાઓ નથી કે જેના દ્વારા નવાઝ શરીફની નસો દ્વારા ફ્લૂડ ચડાવી શકાય અને તેથી તેમને હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરવા જરૂરી છે. જો તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં નહીં આવે તો તેમની તબિયત વધુ લથડી શકે છે.

# અમરનાથના દર્શને ૧૨૦૮ શ્રદ્ધાળુની નવી ટુકડી રવાના



નવી દિલ્હી,તા. ૨૩

અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં જારી છે. આજે સઘન સુરક્ષા વચ્ચે નવો કાફલો રવાનો કરવામાં આવ્યો હતો. આ વખતે અમરનાથ યાત્રીઓની સંખ્યા ત્રણ રવાના થયા હતા. ૧૨૦૮ શ્રદ્ધાળુઓની ટુકડી ભગવતીનગર બેઝકેમ્પથી સવારે રવાના થઈ હતી. સાંજે નિર્ધારિત સ્થળ ઉપર પહોંચી હતી. નવેસરની બેંચમાં અનંતનાગ જિલ્લામાં પહેલગામ ટ્રેક ૨૩૬૧૫૭ શ્રદ્ધાળુઓ ૩૮૮૦ મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથ ગુફામાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરી ચુક્યા છે. જુદા જુદા વાહનોમાં આ ટુકડી ખીણ માટે રવાના થઈ હતી.

**દર્શન કરનાર શ્રદ્ધાળુઓનો આંકડો ત્રણ લાખથી ઉપર જઇ શકે : ૨૮મી જૂનના દિવસે અમરનાથ યાત્રા શરૂ થયા બાદ હજુ સુધી ૨૩૬૧૫૭ શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરાયા છે : વિવિધ બેચમાં શ્રદ્ધાળુઓ રવાના કરાયા**

લાખના આંકડાને પાર કરી શકે છે. કારણ કે યાત્રા હજુ પૂર્ણ થવા આડે કેટલાક દિવસ બાકી છે. હજુ સુધી ૨.૩૦ લાખથી વધારે શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુકયા છે. આજે ૧૨૦૦ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના કરવામાં આવી હતી જેમાં ૩૦૦ મહિલાઓ અને ૧૦૦ સાધુ સંતોનો સમાવેશ થાય છે. આ તમામ શ્રદ્ધાળુઓ ૪૨ વાહનોમાં માટે ૭૭૩ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા જ્યારે ગંદરબાલ જિલ્લામાં ૧૨ કિલોમીટરના ટુંકા બલતાલ રુટ માટે ૪૩૫ શ્રદ્ધાળુઓ રવાના હતા. શ્રીઅમરનાથ મંદિર બોર્ડના ચેરમેન રહેલા અને જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વોરાનું કહેવું છે કે, આગામી દિવસોમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવશે. હજુ સુધી અમરનાથ શ્રદ્ધાળુઓની સંખ્યા હજુ પણ વધી રહી છે. ૬૦ દિવસ સુધી ચાલનાર આ યાત્રા ૨૮મી જૂનના દિવસે શરૂ થઈ હતી. ગંદરબાલમાં બાલતાલ અને અનંતનાગ જિલ્લામાં પહેલગામના બે રુટ પરથી અમરનાથ યાત્રા ચાલી રહી છે. હજુ સુધી ૨.૩૬ લાખથી વધુ લોકો અમરનાથના દર્શન કરી ચુક્યા છે.

# ૨૦૩૦ સુધીમાં મેલેરિયાનું નામો-નિશાન નહી રહે

વૉશિંગ્ટન,તા.૨૩

માદા મચ્છરના કરડવાથી થનારી મેલેરિયા નામની જીવલેણ બીમારીને ખતમ કરવા માટે એક નવી દવાને મંજૂરી મળી છે. હકીકતમાં, પી.વિવાક્સ મેલેરિયાની સારવાર માટે શોધ કરવામાં આવેલી 'ક્રિંટફેલ' (તાફનોક્વિન) નામની એક નવી દવાને 'અમેરિકી

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય